RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 355* Date: 15.10.2023,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં બરાબરની મેચ જામી તેવામાં ૧૫૦થી વધુ પ્રેક્ષકો બિમાર થયા,૪ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ




અમદાવાદ,તા.૧૪

આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩માં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો શરૂ થઈ ગયો છે. પરંતુ હાલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાંથી એક ચિંતાજનક સમાચાર મળી રહ્યા છે. જી હા... નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં પ્રેક્ષકો બિમાર થવાની ઘટના બની છે. ભારત પાકિસ્તાનની મેચ દરમિયાન આખું સ્ટેડિયમ ચાહકોથી ખીચોખીચ ભરેલું છે, ત્યારે સ્ટેડિયમમાં એકાએક ૧૫૦થી વધુ પ્રેક્ષકો બિમાર પડ્યા છે. નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં બરાબરની મેચ જામી તેવામાં ૧૫૦થી વધુ પ્રેક્ષકો બિમાર થયા હતાં. જેમાં મોટા ભાગના લોકો બેભાન થવું , માથુ દુઃખવું, ધુજારી થવાની ઘટના સામે આવી છે. જેના કારણે સ્ટેડિયમમાં હાજર તબીબોએ સ્થિતિ સંભાળી હતી અને ૪ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી છે.

નોંધનીય છે કે, ક્રિકેટ રસિકોની સાથે સટ્ટો રમાડનારા અને રમનારાઓ માટે પણ આજે મોટો દિવસ છે. હાલ સટ્ટા બજારમાં ભારતનું માર્કેટ ઉંચકાયું છે. ભારતનો ભાવ ૪૮ પૈસા અને પાકિસ્તાનનો ભાવ ૧.૫૨ પૈસા બોલાઈ રહ્યો હતો.

ભારતીય ટીમના ચાહકોને આશા છે કે ભારત આ મેચને જીતીને પાકિસ્તાન સામે પોતાના રેકોર્ડને ૮-૦ કરવા માગશે. કેમ કે વર્લ્ડ કપની છેલ્લી ૭ મેચમાં ભારતે પાકિસ્તાન ટીમને પરાજય આપ્યો છે. તેના કારણે પાકિસ્તાન ટીમ પર થોડું વધારે મનોવૈજ્ઞાનિક દબાણ જરૂર હશે. કેપ્ટન રોહિત શર્મા જો આ મેચમાં ટોસ હારશે તો આ ટીમ ઈન્ડિયા માટે લકી સાબિત થઈ શકે છે. કેમ કે હાલના વર્લ્ડ કપમાં અત્યાર સુધી જે ૧૧ મેચ રમાઈ છે. જેમાં ટોસ જીતનારી ટીમને ૮ વખત હારનો સામનો કરવો પડ્યો છે. રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન સામે ટોસ જીતવામાં સફળ સાબિત થયો નહતો. પરંતુ ભારતે બંને મેચમાં શાનદાર વિજય મેળવ્યો હતો. પાકિસ્તાને ટોસ હારતા તેની પ્રથમ બેટીંગ આવી હતી અને તે માત્ર ૧૯૧ કરી શક્યું હતું

અમદાવાદમાં મેચને પગલે સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી લઈ મોટેરા આસારામ આશ્રમ ચોકડી સુધીનો ૨.૫ કિમી સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. મેચના ૧૨થી ૧૪ કલાક સુધી આ રસ્તા પરથી માત્ર ચાલીને જઈ શકાશે. સામાન્ય લોકો ગેટ નંબર ૧ અને ૨ પરથી એન્ટ્રી કરી શકશે. જ્યારે ફૈં માટે આસારામ આશ્રમ ચાર રસ્તાથી આશ્રમ તરફ ગેટ નંબર ૩ અને માત્ર વીઆઈપીને જ પ્રવેશ આપવામાં આવ્યો હતાં

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ડ્રોનથી રિહર્સલ કર્યું હતું.ડ્રોનની ક્ષમતાની વાત કરીએ તો, તો તે સતત ૧૨ કલાક સુધી ઉડી શકે છે. જે ૫ કિલોમીટરનો એરિયા કવર કરે છે. નિર્ણય કર્યો હતો.

## ગરબા ગુજરાતની આગવી ઓળખ છે ગરબા



૧૫ ઓક્ટોબરથી શારદીય નવરાત્રીની શરૂઆત થઈ રહી છે. જેને લઈને ગરબા રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રિ દરમિયાન માં શક્તિની ઉપાસના કરવામાં આવતી હોય છે. આ અવસરે ભક્તો દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરે છે. નવરાત્રી દરમિયાન ગરબા રમવાની પણ પરંપરા છે. પહેલા ગરબા ગુજરાતની આગવી ઓળખ હતા.આ નવ દિવસોમાં માતા રાણીના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. માતાજીની આરાધના માટે આ શ્રેષ્ઠ સમય છે.

હાલની સ્થિતિએ યુવાઓમાં ગરબા રમવાનો ક્રેઝ ખૂબ વધી રહ્યો છે. આ લોકપ્રિય અને રસપ્રદ રમતના રોચક ઈતિહાસ પણ ડોકિયું કરીએ તો ગરબા રમવાની પરંપરા અગાઉ માત્ર ગુજરાત અને રાજસ્થાન પૂરતી મર્યાદિત હતી પરંતુ હે તેની લોકપ્રિયતા વધતી ગઈ અને હવે તે સમગ્ર ભારતમાં પ્રખ્યાત થઈ છે અને દેશભરમાં લોકો ગરબા રમે છે.ગરબા શબ્દ સંસ્કૃત શબ્દ ગર્ભ-દીપ પરથી આવ્યો છે. જે ગર્ભવતી સ્ત્રીની સર્જનાત્મક શક્તિનું પ્રતીક છે.

પ્રાચીન પરંપરા એવી છે કે નવરાત્રીના દિવસો દરમિયાન માટીના વાસણમાં અનેક છિદ્રો કરી તેની અંદર દીવો પ્રગટાવવામાં આવે છે. જેમાં ચાંદીનો સિક્કો પણ મુકવામાં આવે છે અને આ દીવાને જ ગર્ભ કહેવામાં આવે છે, જેની આસપાસ લોકો સ્ટેપ કરીને નૃત્ય કરે છે. જેને ગરબા કહેવામાં આવે છે. માન્યતા એવી પણ છે કે ગરબા કરવાથી માતાજી પ્રસન્ન થાય છે. દીપ ગરબાની સ્થાપના નજીક, સ્ત્રીઓ અને પુરુષો રંગબેરંગી વસ્ત્રો પહેરે છે અને માતા શક્તિની સામે નૃત્ય કરે છે. ત્રણ તાળીઓ થકી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિને સમર્પિત માનવામાં આવે છે. ત્રણ તાળી રાસને આ ત્રણેય દેવની પૂજા મનાઈ છે. વધુમાં મંજીરા, તબલા, માઈકમાં માતાજીની આરાધના કરવામા આવે છે.

## નેપાળને ચીન સાથેની મૈત્રી ભારે પડી : ભંગારના ભાવે ચીન પાસેથી ખરીદેલા વિમાનો વેચવાં પડે છે

ખટમંડુ,તા.૧૪

પાકિસ્તાન અને શ્રીલંકાને બર્બાદ કર્યા પછી હવે ચીન કેટલાક સમયથી નેપાળ સાથે મૈત્રી બાંધવા પ્રયત્નો કરે છે. પરંતુ જે કોઈ ચીનની નજીક આવે છે, તે બર્બાદ થઈ જાય છે. તે રીતે નેપાળના પણ ખરાબ દિવસો શરૂ થઈ ગયા છે. તેને ચીને અબજો રૂપિયાનો ચૂનો લગાડી દીધો છે.થોડાં વર્ષો પૂર્વે નેપાળ એરલાઇન્સે ચીન પાસેથી ૬.૬૬ બિલિયન નેપાળી રૂપિયા (૫૦ મિલિયન ડોલર્સ)માં ખરીદ્યાં હતાં. તે અંગે નેપાળનાં ન્યૂઝ પોર્ટલ કાઠમંડુ પોસ્ટ જણાવે છે કે, આ વિમાનો ખરાબ નીકળતાં તેને ગ્રાઉન્ડ કરવામાં આવ્યાં છે. તેની જેટલી કિંમત છે તેથી વધુ તેની તકલીફો છે.

નેપાળે ૨૦૧૪-૨૦૧૮ વચ્ચે કુલ છ વિમાનો ચીન પાસેથી ખરીદ્યાં હતાં. તેમાંથી એક તો ક્રેશ થઈ ગયું. બાકીનાં પાંચને ગ્રાઉન્ડ કરી દેવાં પડયાં. તેમાં બે ૫૬ સીટર એમ.એ.-૬૦, અને ત્રણ ૧૭ મીટર વાય-૧૨-ઈ. સામેલ છે. હવે આ વિમાનો પડયાં પડયાં ખરાબ થઈ રહ્યાં છે. બીજી તરફ દેવામાં ડૂબેલી નેપાળ-એરલાઈન્સ માટે તેને સંચાલિત કરવાં પણ મોંઘાં પડી જાય તેમ છે.

આ ઉપરાંત યોગ્ય પાયલોટ્સની અછત, દુર્ઘટના અને અવિશ્વાસનીયતાને લીધે અધિકારીઓએ જલ્દી થી જલ્દી તે વિમાનોથી છૂટકારો મેળવવા નિર્ણય લીધો છે.તેથી હવે તે વિમાનો માત્ર ૨૨૦ મિલિયન નેપાળી રૂપિયા (૧.૬૫ મિલિયન અમેરિકી ડોલરમાં વેચવા નિર્ણય લીધો છે.વિમાનો ભાડાપટ્ટે આપવાનો નિર્ણય પણ લેવાયો હતો, પરંતુ કોઈ ભાડાપટ્ટે પણ લેવા તૈયાર ન થયું. આર્થિક રીતે તંગ આવેલી કંપનીએ મૂલ્યાંકન રીપોર્ટમાટે ૨૦,૦૦૦ ડોલર પણ ખર્ચી નાખ્યા. તે પછી જે રિપોર્ટ આવ્યો તે જોઈ એક અધિકારીએ કહ્યું આ તો ભંગારનો ભાવ છે. નેપાળ એરલાઈન્સે માત્ર ૨૨૦ મિલિયન નેપાળી રૂપિયા (૧.૬૫ મિલિયન અમેરિકી ડોલર)માં તે વિમાનો વેચવા નિર્ણય લેતાં એક વરિષ્ઠ અધિકારીએ આક્રોશ ઠાલવતાં ઉપર પ્રમાણે કહ્યુંહતું.

## રાજસ્થાનમાંથી મતદાનની તારીખમાં ફેરફાર બાદ મિઝોરમમાં પણ તારીખ બદલવાની માંગ ઉઠી રહી

નવીદિલ્હી,તા.૧૪

દેશના પાંચ રાજ્યોમાં આવતા મહિને એટલે કે નવેમ્બરમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણી પંચે તારીખો જાહેર કરી દીધી છે. થોડા દિવસો પહેલા રાજસ્થાન વિધાનસભા ચૂંટણીની તારીખોમાં ફેરફારની માંગ ઉઠી હતી.તે પછી મિઝોરમમાં પણ તારીખ બદલવાની માંગ ઉઠી રહી છે, પરંતુ આ માંગ મતદાનને બદલે મતગણતરી તારીખ બદલવાની છે. મિઝોરમ એક ખ્રિસ્તી બહુમતી રાજ્ય છે. આ ધર્મમાં રવિવારનું વિશેષ મહત્વ છે. ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને સત્તારૂઢ મિઝો નેશનલ ફ્રન્ટ સહિત તમામ રાજકીય પક્ષો આ માંગ પર એકમત છે. બધા કહે છે કે ૩ ડિસેમ્બરે જે દિવસે મતગણતરી થવાની છે. રવિવાર ખ્રિસ્તીઓનો પવિત્ર દિવસ છે, તેથી મતગણતરી તારીખ બદલવી જોઈએ.મિઝોરાનમાં મત ગણતરીની તારીખમાં ફેરફાર કરવા માટે રાજ્યના તમામ પક્ષોએ ચૂંટણી પંચને પત્ર લખ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે મિઝોના લોકો રવિવારના દિવસે પ્રાર્થનામાં સંપૂર્ણ રીતે સમર્પિત છે. તેથી, મિઝોરમમાં રવિવારે કોઈ સત્તાવાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું નથી. મિઝોરમમાં ૭ નવેમ્બરે મતદાન થશે. ગયા અઠવાડિયે, ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે ૪૦ સભ્યોની વિધાનસભા ધરાવતા મિઝોરમમાં એક તબક્કામાં મતદાન થશે.

## સરકાર રત્નકલાકારોની મદદ નહીં કરે તો આંદોલન છેડીશું,કોંગ્રેસના નેતા અમિત ચાવડા

સુરત,તા.૧૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમતિ ચાવડાએ સુરતના શ્રમજીવી સેવાલય ખાતે રત્નકલાકારો સાથે તેમની સમસ્યા મુદ્દે ચર્ચા કરી હતી. ગુજરાત ડાયમંડ વર્કર યુનિયનના સભ્યોએ અમિત ચાવડાને આવદેન પત્ર આપી રજૂઆત કરી હતી.

યુનિયન સાથેની મુલાકાત બાદ ચાવડાએ પત્રકારોને સંબોધતા કહ્યું હતું કે મંદીમાં બેરોજગાર બનેલા રત્નકલાકારો માટે સરકારે આર્થિક પેકેજ જાહેર કરવું જોઈએ. પાછલા કેટલાંક સમયમાં બેરોજગારીના લીધે અનેક રત્નકલાકારોએ જીવન ટુંકાવી લીધા હોવાના બનાવ બન્યા છે, ત્યારે રત્ન કલાકાર કલ્યાણ બોર્ડ બનાવી રત્નકલાકારોની સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ તેવી યુનિયનની માંગ છે. આ માંગણી અમે સરકાર સુધી પહોંચાડીશું.ગુજરાત ડાયમંડ વર્કર યુનિયને જે માંગણી કરી હતી તેમાં રત્નકલાકારો માટે આર્થિક પેકેજ જાહેર થાય,,રત્નદીપ યોજના ફરી શરૂ કરવામાં આવે,રત્નકલાકારો પરથી વ્યવસાયવેરો નાબૂદ કરાય,સરકાર રત્નકલાકાર કલ્યાણ બોર્ડની સ્થાપના કરે,મૃત્યુ પામેલા રત્નકલાકારોના પરિવારને આર્થિક મદદ મળેકોંગ્રેસના નેતા અમિત ચાવડાએ વધુમાં કહ્યું કે, હીરા ઉદ્યોગ લાખો લોકોને રોજગારીઆપે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારને મોટું હૂંડિયામણ કમાઈને આપે છે. આ હીરા ઉદ્યોગની કરોડરજ્જુ રત્નકલાકારો છે, પરંતુ જ્યારે મંદી આવે છે ત્યારે સૌથી વધુ રત્નકલાકારોને જ સહન કરવાનું આવે છે. રશિયા અને યુક્રેન વચ્ચેના ઉદ્યોગના લીધે હીરા ઉદ્યોગને આર્થિક નુકસાન થયું છે, તેના લીધે અનેક રત્નકલાકારો બેરોજગાર બન્યા છે. કારખાનાઓમાં કલાકો પર કાપ મુકાતા રત્નકલાકારોની આવક ઘટી છે. ૩૦ જેટલાં રત્નકલાકારોએ જીવન ટુંકાવી લીધું છે. કેટલાંય કારખાનામાં દિવાળીનું વેકેશન અત્યારથી જાહેર કરી દેવાયું છે. યુનિય ફરી ક્યારે શરુ થશે તે નક્કી નથી, ત્યારે રત્નકલાકારોની આર્થિક સ્થિતિ અંગે વિચારવું જોઈએ.ગુજરાત ડાયમંડ વર્કર યુનિયને આર્થિક પેકેજ ઉપરાંત રત્નકલાકારો માટે રત્નદીપ યોજના શરૂ કરવાની માંગણી ચાવડા સમક્ષ કરી હતી. આ ઉપરાંત રત્નકલાકારો પાસેથી વ્યવસાયવેરો નાબૂદ કરવા માંગણી કરાઈ છે. ચાવડાએ કહ્યું કે રત્નકલાકારોના હિતમાં કોંગ્રેસ સરકાર સામે લડત ચલાવશે. કાયદા મુજબ રત્નકલાકારોને લાભો મળવા જોઈએ. કેટલીક કંપનીઓ દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવે છે. ફેક્ટરી એક્ટના કાયદાનું પાલન થતું નથી. અમે રત્નકલાકારોની માંગણી સરકાર સુધી પહોંચાડીશું. ૩૦ રત્નકલાકારોએ જીવન ટૂંકાવ્યા તે પ્રશ્ન વિધાનસભામાં ઉઠાવીશું અને જરૂર પડ્યે રત્નકલાકારો માટે રસ્તા પર ઉતરી જન આંદોલન કરવામાં આવશે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા "સ્વ-સંચાલન થી સ્વ-વિકાસ" વિષય ઉપર કાર્યક્રમ યોજાયો



૨૧મી સદીમાં સફળ થવા માટે જરૂરી કૌશલ્ય શીખી, પોતાની જાત ને અપડેટ રાખવી ખૂબ જરૂરી - વક્તા પરેશ ભટ્ટકડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ તાલીમાર્થીઓ માટે ×સ્વ-સંચાલન થી સ્વ-વિકાસ× વિષય ઉપર ફોલોઅપ સેશનનું આયોજન તાઃ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૩ સવારે ૯:૦૦ વાગ્યા થી ૧૨:૩૦ દરમિયાન બ્રહ્માણી કૃપા હોલ સેક્ટર-૨૩ ખાતે યોજાયું જેમાં સર્વ વિદ્યાલયની વિવિધ કોલેજો માંથી ૧૫૦ થી વધારે યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

વક્તા તરીકે અમદાવાદ સ્થિત એડવાઈસ એન્ડ અસિસ્ટ સંસ્થાના ડાયરેક્ટર શ્રી પરેશ ભટ્ટ ઉપસ્થિત રહી સ્વંવિકાસના પાઠ શીખવ્યા હતા. તેમણે સ્વ-સંચાલન માટે ૪ ઢ'જ ની ફોર્મ્યુલા -ઈચ્છાશક્તિ (Desire), શિસ્ત (Discipline), સમર્પણ ભાવ (Dedication), નિયતિ (Destiny) સમજણ આપી હતી અને સાથે બિનજરૂરી ફેશન, સોશિયલ મીડિયા, અયોગ્ય મોજમસ્તી અને કાંડ કરે એવા મિત્રોથી દૂર રહેવાની સલાહ આપી હતી સાથે સારી આદતો, સારા વિચાળો કેળવી સંતુષ્ટ અને પ્રસન્ન જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે જે યુવાનો દ્વારા સમાજ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓમાં અને સર્વ નેતૃત્વ તાલીમ શિબિરમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેવા તમામને સર્ટિફિકેટ અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન એન્જીનીયરીંગની વિદ્યાર્થીની તાન્યા શાહ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સર્વનેતૃત્વના કોઓર્ડીનેટર ડૉ.ધર્મેન્દ્ર પટેલ,સુરજ મુંજાણી અને રાહુલભાઈ સુખડિયા પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ......

# ગાઝા સિટીમાં રહેતા ૧૦ લાખ લોકોને ત્યાંથી નીકળી જવા આદેશ

સૌ પોતાના ખાનગી વાહન અને અન્ય વાહનથી શહેરમાંથી ભાગતા જોવા મળ્યા હતા. રસ્તા પર ગાડીઓમાં ગાદલા અને સામાન પેક કરીને ગાઝામાંથી લોકો પરિવાર સાથે શહેર છોડી નીકળવા લાગ્યા છે. અમુક એવી પણ તસ્વીરો જોવા મળી છે જેમાં મોટા ટ્રક અને કેંટર પર ચડીને લોકો ભાગતા દેખાઈ રહ્યા છે.

હમાસ આતંકી સંગઠન દ્વારા કરવામાં આવેલા હુમલામાં ઈઝરાયલને ભારે નુકસાન પહોંચ્યું હતું. હવે ઈઝરાયલ તરફથી કરવામાં આવેલી જવાબી કાર્યવાહી બાદ ગાઝાની ધરતી મિસાઈલો અને બોમ્બ ગોળાથી ધરધર ધ્રુજી રહી છે. ઈઝરાયલ દ્વારા ઉત્તરી ગાઝા ખાલી કરવાના અલ્ટીમેટમ બાદ એવી આશંકા છે કે, આગળ જતાં હુમલો હવે વધારે ઝડપી બનશે.

સંયુક્ત રાષ્ટ્રે સચેત કર્યા છે કે, આટલી મોટી સંખ્યામાં લોકોનું જીવ બચાવીને ભાગવું ઘાતક સાબિત થઈ શકે છે. તો વળી હમાસે ઈઝરાયલી સેનાના આ નિર્દેશને ફગાવી દીધું અને લોકોને પોતાના ઘરોમાં જ રહેવા માટે કહ્યું છે. હમાસે શનિવારે ઈઝરાયલ પર તાબડતોડ હુમલા કર્યા હતા. જેના જવાબમાં ઈઝરાયલી રક્ષા દળે હમાસના મુખ્ય ઠેકાણાને ટાર્ગેટ બનાવીને ઉડાવી દીધા હતા. સંઘર્ષ આજે સાતમા દિવસે પણ ચાલું હતું.નીકળવાના આદેશમાં ગાઝા સિટીનો ભાગ આવે છે. આ આદેશ બાદ નાગરિકો વચ્ચે ભારે હડકંપ મચી ગયો. ગાઝા સિટીમાં પેલેસ્ટીનિયન રેડ ક્રીસેંટની પ્રવક્તા નેબાલ ફારસાખે કહ્યું કે, જમવાનું ભૂલી જાવ, વીજળી, ઈંધણ વિશે પણ ભૂલી જાવ. હાલના સમયે ચિંતા બસ એક જ છે, શું તમે જીવતા રહેશો. હાલમાં ઈઝરાયલે લેબનાનના આતંકવાદી ગ્રુપ હિઝબુલ્લા પર પણ હવાઈ હુમલો કર્યો છે, જેને જોતા વ્યાપક સંઘર્ષની આશંકા ઊભી થઈ છે. જો કે, તે સરહદ હાલમાં શાંત છે. નજીકના દેશોમાં શુક્રવારે જુમાની નમાઝ દરમ્યાન પ્રદર્શન જોવા મળ્યા હતા. યરુશલમના જુના શહેરમાં તણાવ ચરમ પર છે. પવિત્ર અલ-અકલા મસ્જિદની જવાબદારી સંભાળતી સંસ્થાએ કહ્યું કે, ઈઝરાયલી અધિકારી ૫૦ વર્ષથી ઓછી ઉંમરના પુરુષોને પ્રવેશ નથી કરવા દેતા.


# આંદોલન એજ કલ્યાણ ટુકડી, ટોળું, ભીડ, સંમેલન, સભા - ગ્રામસભા, ધારાસભા કે લોકસભા

થોડાં સમય પહેલાં એક વિચાર મારાં અનેક અનુભવ અંતે લેખ રૂપે લખ્યો. ★ટોળાં હોઈ ત્યાં ગોટાળા હોય.★. ત્યારબાદ હું ખુબ વિવાદે ચડ્યો. ટ્રોલ થયો . મને ટોળાં ભેગાં કરવાનો શોખ છે અને એટલે હું. અમારું કામ ચાલુ છે. વિરોધ સમર્થન વચ્ચે એકમેકને મનથી જોડવાનું કામ અવિરત ચાલુ છે. ખુબ નાના હતાં વરસ ૧૯૭૯-૮૦ની વાત છે,ગુજરાતમાં મોરબી મચ્છુડેમ હોનારત થઈ અમોએ અમારી બાળ વિદ્યાર્થી નાની નાની ટુકડી બનાવી. પાવલી, આઠ આના, દશયું રસ્તે ફરી ફરી ઉઘરાવ્યું. બે મોટાં કોથળા ભરાઈ ગયાં. અમારી શાળાનાં આચાર્યને અર્પણ. એઓશ્રીએ સ્વખર્ચે મોરબી પીડિતોને અર્પણ કર્યાં. વાત ગઈ અને રાત ગઈ એ બાત ગઈ. વિદ્યાર્થીકાળ બસ મોડી આવે તો બસ હાઈજેક કરી લેતાં. સીધી બસડેપોમાં લઈ જતાં. એ દિવસે સ્કૂલ કોલેજમાં ગુલ્લી. છૂટપૂટ અસંગઠિત છાત્રસેના ખોટું દેખાય ત્યાં ધમાલે. હા ક્યારેય સરકારી મિલકતમાં તોડફોડ કે પથ્થરમારો નથી કર્યો. ઘરેથી નીકળીએ સ્કૂલ કોલેજ જવા બસ સ્ટેન્ડ પર ભેગાં થઈ એકજ બસમાં જવાનું... ટોળું ખુબ ગમવા લાગ્યું. ઘણાં મિત્રો કોલેજમાં ચુંટણી લડ્યાં અને જીત્યા. યુનિવર્સિટીમાં સેનેટસભ્ય થયાં. મોટાં થઈ નગરસેવક થયાં. હું જ્યાં ભણતો ત્યાં શિક્ષક થયો. શિક્ષકમંડળ સુરત અને ગુજરાત મહામંડળ પ્રમુખ થયો. ખુબ લડ્યાં આંદોલન, આમરણાંત ઉપવાસ કર્યાં. અમારા ગૌરવની વાત એક પણ આંદોલનમાં એક પણ દિવસ શાળાનું શિક્ષણકાર્ય ખોરવ્યું નથી. સુરતસેના, રાવસેના. સુરત સ્વચ્છ અને સુંદર. શિક્ષક સમાજ માટે લડત, વાલી મહાસભા, ફી વધારા સામે સંઘર્ષ, અન્ના આંદોલન, કિસાન આંદોલન, સરકારી કોલેજ હોઈ કે નાગરીક અધિકાર ઈઝ્ઝી એકટ, ઈઈ,ઈૈ રીફોર્મ, તક્ષશિલા અગ્નિકાન્ડ... ટોળું ભેગું કરવું જ પડે. ટોળાં હોઈ ત્યાં ગોટાળા મતલબ વિવાદ, ખેંચતાણ, લાલચ, નેતા બની જવાની હોડ અને ક્યાંક તોડ. હા તોડપાણી. સામો પક્ષ નબળો નથી હોતો. નાની ટુકડી હોય કે મોટું સંગઠન તોડફોડ કરાવે. કોઈ સંગઠન નામે ઉઘરાણાં પણ કરે. પૈસો મારો પરમેશ્વર. સેવા નામે મેવા. ધીરે ધીરે રાજકારણ ઘુસે. કોર્ટ કચેરી કાવા દાવા કેસ કબાડા થાય. ટુકડી,ટોળું,ભીડ, સભા, સમિતી પ્રમાદ, પદ , હોદ્દા, પૈસા અને પ્રતિષ્ઠા વચ્ચે તાલમેલ, સમનવ્યય સાધવો ખુબ કઠીન હોય છે... સ્વાભાવિક છે જયારે એક થી એક ચડિયાતાં સંઘર્ષશીલ અને એમાંય પાકટ વયનો અનૂભવ ભેગો થાય ત્યારે રોક ટોક ટીકા ટીપ્પણી પણ થાય. અહીં મુદ્દો ભુલી મમત શરુ પણ થાય એનો અવકાશ રહે છે. બધાં વચ કામ ચાલુ છે . હું શિક્ષક સમાજ વિશે વાત કરીશ. એમનાં સંઘ, સંગઠનો, જુના મંડળ હાંસિયામાં ધકેલાઈ નવાં નવાં ઊગી નીકળે એમાંય ઘણાં સરકાર પ્રેરિત પણ હોઈ. અમોએ જનલોકપાલ આંદોલન ગુજરાતનાં સંયોજક તરીકે ખુબ નજીક થી જોયું અને ધમધમાવ્યું. અન્ના આંદોલન ના મોભીઓ એક આ બાજુ, બીજાં બીજી બાજુ.. અંદરોઅંદર લડાઈ શરુ.. આજે પણ જન લોકપાલ બીલ લટકે છે. બીજુ સૌથી મોટું, લાંબુ કિસાન આંદોલન જોયું... આજે એનાં સમાધાન લટકે છે. હું વિનમ્ર અને દ્રઢપણે માનું છું... રાજકીય પક્ષોનો જન્મ આંદોલનની ઉપજ છે. આપણને મળેલી આઝાદી એ પણ આંદોલન નું ફળ છે. અધિકાર, હક સૌ સમાન, સમાજમાં સમતા, સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ. ... આંદોલન વગર શક્ય નથી. ટોળું ભીડ ભેગી કર્યા વગર આંદોલન શક્ય નથી, આંદોલન વગર અધિકાર પ્રાપ્ત થતાં નથી. અધિકાર ને કાયદાનું સ્વરૂપ મળે એ માટે આંદોલન. કાયદાનો અમલ કરવામાં આવે એ માટે આંદોલન. સંવિધાન હક અનેક છે. મનરેગા કામ રોજગારનો અધિકાર, મફત શિક્ષણ, ગ્રાહક અધિકાર, મહિલા અધિકાર, માહિતી અધિકાર, નાગરીક અધિકાર. સુરક્ષા , સ્વાસ્થ્ય સલામતી શાંતિ નો અધિકાર. બોલવા , લખવા જીવવાનો અધિકાર . આજકાલ સરકાર જનતાના અધિકારનો પ્રચાર કરતી નથી . રસ્તે કે કચેરીઓમાં જાહેરાત જોવા મળતી નથી. આરોપ એવા છે કે ટોળાં હોઈ ત્યાં ગોટાળા પણ હોય. અને આંદોલનમાં અળવીતરા પણ હોય . લોકશાહીમાં લડત યુદ્ધ સંઘર્ષ રીતી નીતિ બદલાઈ ગઈ હિંસા અસ્થાને છે. યુદ્ધ એજ કલ્યાણને સ્થાને આંદોલન એજ કલ્યાણ. સરકાર જનતાના આંદોલનથી ફફડે છે, આંદોલન ઊગતા જ ડામી દેવા કલમ ૧૪૪ લાગુ , કોઈએ ભેગાં થવું નહીં. ભાઈ હું ખોટો હોઉં તો તમો ચુપ ના રહેશો, વિરોધ આવકાર્ય. મતભેદ

હોય મનભેદ અસ્થાને. મન મન આંદોલન, આંદોલન એજ કલ્યાણ.

ooooooooooooooooદિપક પટેલ. નિવૃત શિક્ષક, આરટીઆઈ કાર્યકર્તા. "જનતા દરબાર "૪૭ઃ નવી શક્તિવિજય સોસાયટી, વરાછારોડ, સુરત.

# ખૂબ ખૂબ અભિનંદન



★હિંમતનગર★ ના ભાઈશ્રી ★તિલક પ્રકાશકુમાર મોદી★ કે જેઓ માત્ર ૨૪ વર્ષ ની ઉંમરે ફક્ત ૮૬ દિવસ માં ભારત ના ચાર ધામ ( ૧. દ્વારકા પશ્ચિમ, ૨. રામેશ્વરમ દક્ષિણ, ૩. જગન્નાથ પુરી પૂર્વ, ૪. બદ્રીનાથ) અને ભારત ના તમામ વિશ્વ વિખ્યાત ૧૨ જ્યોર્તિલિંગ ની યાત્રા પૂર્ણ કરેલ છે, જેમાં તેમને ભારત દેશ ના કુલ ૧૫ રાજ્યો માં આશરે ૨૪૦૦૦ કિલોમીટર ની મુસાફરી કરેલ છે, તેમને મોદી સમાજનું ગૌરવ વધાર્યુ તે બદલ મોદી સમાજ વતીથી હું હાર્દિક અભિનંદન પાઠવું છું.આપ આ પ્રમાણે ઉત્તરોત્તર પ્રગતિ કરો. અને સમાજનું ગૌરવ વધારો એવી અભિલાષા.શુભેચ્છક

નીતિનભાઈ મોદી

# આશા પૂરી કરતી માવલડી : આઈ આશાપુરા (મઢ)



શકિત આરાધનાનો પર્વ એટલે નવરાત્રી.. નવ દિવસ માઈ ભક્તો માતાજીની પૂજા અર્ચના કરી માતાજીને પ્રસન્ન કરે છે.

કચ્છમાં આઈ આશાપુરામાં નું હજારો વર્ષ જુનું મંદિર આવેલું છે દર વર્ષે આઈ આશાપુરામાંના દર્શનાર્થે આસોસુદ નવરાત્રી દરમિયાન લાખોની સંખ્યામાં ભાવિક ભક્તો પગપાળા કે વાહન દ્વારા માતાજીનાં દર્શન કરવા ઊમટી પડે છે. કચ્છ ઉપરાંત ગુજરાતના વિવિધ સ્થળેથી તેમજ કર્ણાટક, તમિલનાડુ, મુંબઈ વગરે સ્થળોએથી ભકતો પગપાળા તેમજ સાઈકલ મારફત દર વર્ષની આસો નવરાત્રી દરમિયાન દર્શનાર્થે આવતા હોય છે.મુંબઈથી છેલ્લા કેટલાક વર્ષોથી સાઈકલ દ્વારા સંઘ દર્શનાર્થે આવે છે અને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. આસો નવરાત્રી દરમ્યાન પાંચ થી સાત લાખ માઈ ભક્તો મા ને શિશ ઝૂકાવી ધન્યતા અનુભવે છે. આખા વર્ષ દરમ્યાન ત્રીસ લાખની આસપાસ માઈ ભક્તો આવતા હોવાનો અંદાજ છે.પદયાત્રી ની સેવાર્થે સામખિયાળી થી માતાના મઢ સુધી ઠેર ઠેર પદયાત્રી કેમ્પો ધમધમતા હોય છે.જેમાં ભોજન, ચા, નાસ્તો, મેડિકલ, આરામ કરવા સહિતની તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ હોય છે.

નવરાત્રીના સાતમના હોમ હવનમાં જાગીર અધ્યક્ષ રાજાબાવાના હસ્તે બિડું હોમાયાના બીજા આઠમના દિવસે કચ્છનાં રાજવી પરિવારના સભ્યો ભાયાતો તેમજ આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં માતાજીને ભુવા દ્વારા માતાજીના જમણા ખભે ચડાવેલ પતરીને રાજવી પરિવારના સભ્ય ખોળો પાથરીને પ્રસાદરૂપે ઝીલે છે . જે આજના હળાહળ કળિયુગમાં માતાજીનો સાક્ષાત પરચો છે. પતરી નામનો એક છોડ જે માતાના મઢ ની સીમમાં વર્ષ દરમ્યાન એકજ વખત થાય છે . ભકતો દ્વારા માનેલી દરેક માનતા માં પૂર્ણ અવશ્ય કરે છે.

માં આશાપુરાની મૂર્તિ સ્વયંભુ પ્રગટેલી છે. એક વાયકા અનુસાર દેવચંદ નામનો વણિક પોતાના કામકાજ અર્થે કચ્છ પ્રદેશમાં આવન જાવન કરતો તે વખતે લખપત વેપારનું મુખ્ય કેન્દ્ર હતું.

આજે જ્યાં માં આશાપુરાજી નું મંદિર છે ત્યાં દેવચંદ માતાજીની મૂર્તિ રાખી પૂજા અર્ચના કરતો આથી પ્રસન્ન થઈ આઈ આશાપુરાજી રાત્રે સ્વપ્રામાં આવીને કહ્યું કે તારી ભક્તિથી હું પ્રસન્ન થઈ છું. મારું આ સ્થળે મંદિર બંધાવજે અને એવું પણ કહ્યું કે છ માસ સુધી મંદિરના દ્વાર ના ખોલતો. સ્વપ્રની વાત સાંભળી દેવચંદેની ખુશીનો પાર ન રહ્યો અને ત્યાં મંદિર બંધાવ્યું અને ત્યાંજ મુકામ કર્યો.એક માસ,બેમાસ એમ કરતાં કરતાં પાંચ માસ વીતી ગયા એક દિવસ દરવાજા પાછળથી રૂમઝૂમ ઝાંઝરીનો અને ગીતનો અવાજસંભળાયો આથી કુતૂહલવશથી દેવચંદે મંદિરનો દરવાજો ખોલી નાખ્યો જોયું તો માતાજીની અર્ધ મૂર્તિ પ્રગટ થઈ હતી. છ માસ પછી દ્વાર ખોલવાની મા ની આજ્ઞા દેવચંદથી ભુલાઈ ગઈ. દેવચંદને પોતાની ભૂલ સમજાઈ ને માતાજીને પોતાની ભૂલ બદલ માફ કરી દેવા આજીજી કરી તો માં એ પણ પોતે પ્રસન્ન છે એવું જણાવી દેવચંદને વરદાન માંગવા કહ્યું તો દેવચંદે પોતાને ત્યાં પુત્ર પ્રાપ્તિની ઈચ્છા દર્શાવી માએ ઈચ્છા પૂર્ણ કરી તેથી "આશાપુરા " તરીકે ઓળખાયા.

આજે પણ દરરોજ હજારો ની સંખ્યામાં ભકતો માના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

માતાના મઢના અધ્યક્ષ "રાજા બાવા" તરીકે ઓળખાય છે અસો સુદ સાતમના રાત્રે ૧૨ વાગ્યે રાજાબાવાના હસ્તે હવનમાં બિડું હોમવામાં આવે છે.માતાના મઢમાં મંગળ ગ્રહના પથ્થર જેવા પથ્થર હોવાનું નાશાએ સ્વીકાર્યું છે ઉપરાંત "આઈડ્રોક્સ સલ્ફેટ "નામનો પરમાણું ભઠ્ઠીમાં વપરતો પદાર્થ પણ અહીં મળી આવે છે. ઉપરાંત આશાપુરી ધૂપ પણ અહીં મળી આવે છે.


લેખઃ મહેશ સોની ( નખત્રાણા )

# પતરે ટપાક્ક ટપ્પ છાંટા પડેને પછી નલિયા ખટાક ખટ તૂટે સુરતનો એવો વરસાદ"

મુશાયરો ચાલતો હોય કવિ પોતાની રચના રજુ કરી બેસવા જતા હોય ત્યાં જ શ્રોતાગણ એકી અવાજે વન્સમોર વનસમોરની બૂમો પાડે તો સમજી જવુ ચાહકો નયનભાઈને પાછા બોલાવી રહ્યા છે.

માત્ર છઠા ધોરણમા હતા ત્યારે પહેલા કાવ્યની રચના કરનાર નયનભાઈનું મૂળ વતન વાલોડ હતું નયનભાઈનો જન્મ ૧૩/૫/ ૧૯૪૫ ના રોજ માતા ઈન્દુમતીબહેન અને પિતા હર્ષદરાયના ઘરે થયો હતો છન્દની સમજ આપતું એક પુસ્તક વાંચીને નયનભાઈ ગઝલો લખવા પ્રેરાયા હતા

નયનભાઈએ ગુજરાતી અને ઉર્દુ સાહિત્ય જગતને પોતાની દમદાર ગઝલો ગીતો વાર્તાઓથી શોભાવ્યું છે.



નયનભાઈ માત્ર ૧૫ વરસની વયે હીરાના કારખાનામા રત્નકલાકાર તરીકે જોડાયા હતા હીરા ઘસતા ઘસતા નયનભાઈએ હીરાથી વધુ કિંમતી ગઝલોનું સર્જન કર્યું ત્યાર બાદ તેઓ ગુજરાતમિત્રના સિનિયર સાહિત્યકાર ભગવતીભાઈ શર્માના સંપર્કમા આવ્યા હતા.ભગવતીભાઈએ નયનભાઈને હિંદુ મિલન મંદિર આયોજિત કવિ સંમેલનમા કવિતા રજુ કરવાની તક આપી.

૧૯૮૦ મા નયનભાઈ સુરતના લોકપ્રિય દૈનિક પત્ર ગુજરાતમિત્રમા પત્રકાર તરીકે જોડાયા હતા નયનભાઈએ લગભગ ૨૦ વરસ ગુજરાતમિત્ર દૈનિક પત્રમાં સેવાઓ આપી હતી નયનભાઈની સાહિત્ય અંગેની રુચિ અને પ્રતિભાને દયાનમા લઈ ગુજરાતમિત્રએ નયનભાઈને તંત્રી વિભાગમાં સામેલ કર્યા હતા.

આધુનિક ગઝલો માટે નયનભાઈએ માણસ ઉર્ફે રેતી ઉર્ફે દરિયો.મુકામ પોસ્ટ માણસ.આંગળી વાઢીને અક્ષર મોકલું ધૂપ કા સાયા ઉર્દુ જેવા પુસ્તકો આપ્યા છે નયનભાઈએ વાર્તાઓ અને નાટકો પણ લખ્યા છે નયનભાઈની સમગ્ર રચનાઓનો સંગ્રહ નયનના મોતી નામે પ્રસિદ્ધ થયો છે

નયનભાઈના સાહિત્ય સર્જન બદલ નયનભાઈને ગુજરાતી સાહિત્યનું પારિતોષિક ઉર્દુ સાહિત્ય અકાદમી એવોર્ડ મેઘાણી એવોર્ડ કલાપી એવોડ દલપતરામ એવોર્ડ જયંતપાઠક સુવર્ણચંદ્રક જેવા સન્માનો પ્રાપ્ત થયા છે.

નયનભાઈનું સુરતનો વરસાદ ગીત ખુબ લોકપ્રિય છે.નયનભાઈ નવોદિતોને માર્ગદર્શન અને હૂંફ પુરી પાડતા હતા તમે એમને મળો તો માની ના શકો કે આ જ નયનભાઈ છે સાવ સરળ સહજતાથી વાતો કરી શકતા હતા માયાળુ અને મિલનસાર સ્વભાવના હતા હરફન મૌલા માણસ હતા

નયનભાઈના મંજુ કાવ્યો ખુબ જ લોકપ્રિય છે નયનભાઈ કવિ સંમેલનમા મુશાયરામા ધમાકેદાર રજુઆત માટે જાણીતા હતા નયનભાઈની રચના રજુ કરવાની એક અલગ ચોટદાર સ્ટાઈલ હતી મંચ પર જયારે નયનભાઈ રજુઆત કરતા હોય તે વખતે ચાહકોમા ખુશીની લહર ફેલાઈ જતી હતી વન્સમોર વનસમોરના પોકારો ઉઠતા હતા

નયનભાઈ જેવા કલાકારો આજે બહુ ઓછા બચ્યા છે.

અબ્બાસભાઈ કૌકાવાલા,સૂરત

## ★તમને ખબર છે?★

??બંને પગ એકસાથે માનવ શરીરની ૫૦% ચેતા ધરાવે છે, ૫૦% રક્તવાહિનીઓ અને ૫૦% રક્ત તેમાંથી વહે છે.

★ચાલવું જરૂરી છે★

?? તે સૌથી મોટું રુધિરાભિસરણ નેટવર્ક છે જે શરીરને જોડે છે.

★તો રોજ ચાલો★

??જ્યારે પગ સ્વસ્થ હોય ત્યારે જ લોહીનો પ્રવાહ સરળ રીતે વહે છે, તેથી જે લોકોના પગના સ્નાયુઓ મજબૂત હોય છે તેઓનું હૃદય ચોક્કસપણે મજબૂત હોય છે.

★ચાલવું જરૂરી છે★

?? વૃદ્ધત્વ પગથી ઉપરની તરફ શરૂ થાય છે.

★ચાલવું જરૂરી છે★

??જેમ જેમ વ્યક્તિ મોટી થાય છે તેમ, મગજ અને પગ વચ્ચે સૂચનાઓના પ્રસારણની ચોકસાઈ અને ઝડપ ઘટતી જાય છે, જ્યારે વ્યક્તિ યુવાન હોય ત્યારે તેનાથી વિપરીત.

★કૃપા કરીને ચાલો★

??આ ઉપરાંત, કહેવાતા બોન ફર્ટિલાઇઝર કેલ્શિયમ વહેલા કે પછી સમયની સાથે નષ્ટ થઈ જશે, જે વૃદ્ધોને હાડકાંના ફ્રેક્ચર થવાની સંભાવના વધારે છે.

★ચાલવું જરૂરી છે★

??વૃદ્ધોમાં હાડકાંનું ફ્રેક્ચર સરળતાથી શ્રેણીબદ્ધ ગૂંચવણો પેદા કરી શકે છે, ખાસ કરીને મગજના થ્રોમ્બોસિસ જેવા જીવલેણ રોગો.

★ચાલવું જરૂરી છે★

??શું તમે જાણો છો કે સામાન્ય રીતે ૧૫% વૃદ્ધ દર્દીઓ મહત્તમ મૃત્યુ પામે છે. જાંઘના હાડકાના ફ્રેક્ચરના એક વર્ષની અંદર !!

★રોજ નિષ્કાળજી વગર ચાલો★

?? પગની કસરત, ૬૦ વર્ષની ઉંમર પછી પણ ક્યારેય મોડું થતું નથી.

★ઉ છ ¬ દ્ધ★

??આપણા પગ/પગ ધીમે ધીમે સમય સાથે વૃદ્ધ થતા જશે, તેમ છતાં આપણા પગ/પગની કસરત કરવી એ જીવનભરનું કાર્ય છે.

★૧૦,૦૦૦ ડગલાં ચાલો★

??માત્ર નિયમિતપણે પગને મજબૂત કરીને, વ્યકિત વધુ વૃદ્ધાવસ્થાને રોકી અથવા ઘટાડી શકે છે.

★૩૬૫ દિવસ ચાલો★

?? તમારા પગને પૂરતી કસરત મળે અને તમારા પગના સ્નાયુઓ સ્વસ્થ રહે તેની ખાતરી કરવા કૃપા કરીને દરરોજ ઓછામાં ઓછા ૩૦-૪૦ મિનિટ ચાલો.

★ચાલતા રહો★

તમારે તમારા બધા ૪૦+ વર્ષ" મિત્રો સાથે આ મહત્વપૂર્ણ માહિતી શેર કરવી જોઈએ

અને પરિવારના સભ્યો, કારણ કે દરેક વ્યક્તિ દૈનિક ધોરણે વૃદ્ધ થઈ રહ્યો છે.

★વિશીંગ હેપી વોકિંગ★

# નવરાત્રિ-ઉત્સવ મંડળો અને ગરબા આયોજકોને હિંદુ જનજાગૃતિ સમિતિનું આવાહન !

'લવ જેહાદ' રોકવા માટે ગરબામાં અહિંદુઓની પ્રવેશબંધી કરો !

નવરાત્રિ-ઉત્સવ તુરંત જ આરંભ થવાનો છે. અદિશક્તિની જાગૃતિ કરવાનો આ ઉત્સવ; પરંતુ આ જ સમયે 'લવ જેહાદીઓ' સ્ત્રીશક્તિનો સંહાર કરવા માટે ઉદ્યુક્ત થાય છે. પોતાની ખરી ઓળખાણ છુપાવીને હિંદુ નામ ધારણ કરીને, કાંડે ગંડોદોરો બાંધીને લવ જેહાદીઓ ગરબામાં ઘૂસતા હોય છે. તેથી આ સમયે હિંદુ છોકરીઓ તેમજ મહિલાઓ 'લવ જેહાદ'ને બલિ ચડ્યા હોવાની ઘટનાઓ મોટા પ્રમાણમાં ધ્?યાનમાં આવે છે. આ પૃષ્ઠભૂમિ પર હિંદુ છોકરીઓ તેમજ મહિલાઓની સુરક્ષા માટે તેમજ કાયદો-સુવ્યવસ્થા રાખવા માટે અહિંદુઓની ગરબામાં પ્રવેશબંધી કરવી અને આ પ્રમાણેનો મોટો ફલક પ્રત્યેક ગરબાના ઠેકાણે લગાડવો, એવું આવાહન હિંદુ જનજાગૃતિ સમિતિએ નવરાત્રિ-ઉત્?સવના મંડળો અને ગરબા આયોજકોને કર્યું છે.

હાલમાં જ રાષ્ટ્રીય નિશાનબાજ તારા સહદેવને હિંદુ તરીકે ઓળખાણ આપીને વિવાહ કરનારા અને ત્યાર પછી ઈસ્લામ કબૂલ કરવા માટે મારપીટ કરનારા તેના પતિ રકીબુલ હસનને ઝારખંડ ખાતેના સીબીઆયના વિશેષ ન્યાયાલયે જન્મટીપની, તેમજ ધર્માતર માટે દબાણ કરનારા રકીબુલના માતાને ૧૦ વર્ષની સજા કરવામાં આવી છે. આ પ્રકરણ દ્વારા 'લવ જેહાદ' ફરી એકવાર કાયદેસર દૃષ્ટિએ સિદ્ધ થયો છે. ગત કેટલાક વર્ષોમાં હિંદુ છોકરીઓને કોઈને કોઈ પ્રકારે ખોટા પ્રેમના જાળામાં ફસાવીને તેમનું ધર્માતરણ કરવામાં આવ્યું છે, જયારે તેનો વિરોધ કરનારી અનેક શ્રદ્ધા વાલકરની નિર્ઘૃણ હત્યાઓ કરવામાં આવી છે. 'લવ જેહાદ' વિશે કેવળ હિંદુ સંગઠનો જ નહીં, જ્યારે અનેક ખ્રિસ્તી સંગઠનો અને ખ્રિસ્તી ધર્મગુરુઓએ પણ અવાજ ઉઠાવ્યો છે. તેમજ કેરળમાંના કમ્યુનિસ્ટ પક્ષના બે ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ ઓમાન ચંડી અને વી.એસ્. અચ્યુતાનંદને, તેમજ કેરળ ઉચ્ચ ન્યાયાલયે પણ 'લવ જેહાદ'ની ભીષણતા માન્ય કરી છે. આને કારણે જ દેશના છ રાજ્યોમાં 'લવ જેહાદ વિરોધી કાયદો' કરવામાં આવ્યો છે અને મહારાષ્ટ્ર, ગોવા ઈત્યાદિ રાજ્યોમાં આ કાયદો બનાવવાની માગણી જોર પકડી રહી છે. મહારાષ્ટ્રમાં આ કાયદો બને, તે માટે સમિતિ સહિત વિવિધ હિંદુત્વનિષ્ઠ સંગઠનોએ મોટી સંખ્યામાં મોરચા કાઢ્યા છે, તેમજ મા. મુખ્યમંત્રીએ પણ 'લવ જેહાદ વિરોધી કાયદો' કરવા માટે વચન આપ્યું છે.

આ જ પુષ્ઠભૂમિ પર હિંદુ છોકરીઓને 'લવ જેહાદ'થી બચાવવા માટે ગરબાના ઠેકાણે પ્રવેશ દ્વાર પર સુરક્ષાવ્યવસ્થા ઊભી કરવી. તેમાં ગરબામાં પ્રવેશ કરનારા પ્રત્યેક જણનો આધારકાર્ડ તપાસવો, તેમનાં નામની ચોકસાઈ કરવી અને પછી જ પ્રવેશ આપવો. તેમજ પ્રત્યેક છોકરાને-પુરુષને અંદર જતી વેળાએ તિલક લગાડવું. જેથી અહિંદુ 'લવ જેહાદીઓ'ને આ ઉત્સવથી દૂર રાખી શકાશે, પરિણામે હિંદુ છોકરીઓ તેમજ મહિલાઓ સુરક્ષિત રહેશે, એમ સમિતિએ કહ્યું છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NSO SS NO-154
વિષયઃ- મનમેળ
શીર્ષકઃ- પ્રેમબીજ
શબ્દોઃ- ૭૫

આંગણે પારેવાએ આવી પ્રેમનું બીજ બોયુ હતું,
વર્ષોથી સંભાળીને રાખેલ ખુદનું દિલ ખોયું હતું.

હાવ-ભાવ જોઈ વિચારોમાં રુદિયા એ ચાહ્યું હતું,
ઓળઘોળ થઈ જાત જોઈ એવું દર્પણે કહ્યું હતું.

પ્રેમદિવાની બની જેનું કુદરત પણ સાક્ષી રહ્યું હતું,
પર્વતના એ ઢોળાવ પર એક પ્રેમ ઝરણું વહ્યું હતું.

ખોવાયેલ દિલે જેનું સ્વપ્નિલ શમણું જોયું હતું,
જવાબ કેવો હશે આડંબરો એ મનમાં ગૂંથ્યુ હતું.

મુખે સ્મિત આપીને પારેવાએ પ્રેમબીજ રોપ્યું હતું.
ટેરવાના સ્પંદનોથી અનુભવવાનું સપનું સેવ્યું હતું.

બીના એન પીઠડીયા 'વૈદેહી'
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*N.O.G. S. S.No0102.*
★વિષયઃ-મનમેળ★
★શીર્ષકઃ-મનમેળનો આનંદ★
★શબ્દઃ-૨૮૫★
★લેખકઃ- રતીલાલ વાયડા★
★રચના★:-

માનવી સામાજિક પ્રાણી છે. તેને સમાજ વિના ચાલતું નથી. સમાજમાં આપણે અનેક સંબંધોની સાથે સંકળાયેલા છીએ. ઘરમાં માતા-પિતા ભાઈ, બેન ,સગા સંબંધીઓ, પતિ પત્ની, મિત્રો, સાથે કામ કરતા અન્ય લોકો , સોસાયટીના લોકો, સાથે આપણે સંકળાયેલા છીયે. આ બધાની સાથે જો આપણો મનમેળ હોય તો જ જીવન સારું ચાલી શકે છે.

સમાન વિચાર ધરાવતા લોકોની વચ્ચે મનમેળ હોતો હોય છે. બધા લોકોની સાથે ઘણીવાર એવું બનતું નથી . લોકો વૈચારિક દ્રષ્ટિએ અલગ પડે છે અને તેઓની વચ્ચે મન ભેદ ઊભા થાય છે અને પરિણામે તેઓનો મનમેળ રહેતો નથી. નાની નાની વાતમાં જ્યારે મનમેળ ન હોય ત્યારે આંતરિક ઝઘડાઓ થવાની પૂરી સંભાવના હોતી હોય છે.

એકબીજાની સાથે મનમેળ સાચવીને રહેવું એ પણ એક પ્રકારની કળા છે. ઘણા લોકો આ કળામાં માહિર હોતા હોય છે. તેથી તેઓ બીજા લોકોની સાથે બગાડતા નથી, પરંતુ પોતાના વિચારોને જુદી રીતે વ્યક્ત કરી અને તેઓની સાથે તેઓ મનમેળ સાધી લે છે. ક્યારેક પોતાના વિચારને કાબુમાં રાખી સામા માણસની વાતને પણ સ્વીકારી લે છે. આ રીતે મનમેળથી જ સંસારના તમામ વ્યવહારો ચાલતા હોય છે. જો આ રીતે ચાલે તો જ માણસનું જીવન આનંદદાયક વિતે છે.

ઘણીવાર મનમેળ ના હોવાના કારણે માતા-પિતા વચ્ચે તેમજ પતિ પત્ની વચ્ચે પણ ઝઘડા થતા હોય છે . બંને પોતાની વાતને સાચી માને છે. ક્યારેક તો આવો ઝઘડો એટલો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે કે બંને લગ્ન વિચ્છેદ સુધી પણ આવી પહોંચે છે. આમ મનમેળ ન હોવાને કારણે જીવન કલુષિત બની જાય છે.

જો જીવનને સુખી અને આનંદિત બનાવવું હોય તો બીજા લોકોની સાથે મનમેળ કરવાની કોશિશ કરો. તમારા વિચારોને બીજા ઉપર લાદો નહીં. બીજાના વિચારોને સ્વીકાર કરો અને તેઓને અનુકૂળ થઈ અને જીવો તો જીવન જીવવા જેવું લાગશે . બીજા સાથે મનમેળ રાખી અને શાંતિથી અને આનંદથી જીવન જીવી શકશો બીજાને પણ આ તક આપી શકશો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No - 106
વિષય - 'મનમેળ'
શીર્ષક-"ગણતરીઓના ખેલ"
શબ્દ - ૧૩૩
નામ-
મુક્તિદા કુમાર 'મનચલી'
ooooooooooooooooooo

છોડ! ચાલ
ના ખેલ!
ગણતરીઓના ખેલ!
ભેળસેળ,રોજમેળ,
માત્રા મેળ,શબ્દમેળ,
મેળ મેળ મેળ
ઓ હો ! ગણતરીઓનો ખેલ!
તારી/મારી લાગણીને
તું ના અવહેલ!
છત્તીસ/તેંતીસ,શું કેવા લગનમાં મેળ?
તારો-મારો જીવનમાં મેળ!
તું ઉત્તર હું દખ્ખણ,
તારે-મારે
છત્રીસનો આંકડો?
તું ફાંકડો,નેહું છું લાકડી,
જીવનની શેરી છે સાંકડી!
જો હું ને તું છો રામસીતાની જોડી!
રામસીતાની વાત કરી તો,
રામે કરી સીતાની પરીક્ષા,
જો! કેવો મનમેળ ક્યાં હતો મનમેળ?
કામે,ગામે,ચોરે,ચૌટે
વાતે વાતે - મનમેળ ?
મનદુઃખનાં એ કારણ ગોતે!
ઉપરી/અધિકારી,
નોકર ને સહચારી,
મનમેળ થકી,
જીવનનો આનંદ આભારી!

ભેળસેળ,રોજમેળ,
માત્રા મેળ,શબ્દમેળ,
મેળ મેળ મેળ-મનમેળ
ઓ હો ! ગણતરીઓનો ખેલ!
આ તારી/મારી લાગણીને તું ના અવહેલ!

છોડ!ચાલ ના ખેલ!
★ચાલ★ ના ખેલ!
ગણતરીઓના ખેલ!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
વિષય :- મનમેળ
શિર્ષક :- વિચારોનું તાદાત્મય

મન નામનું મર્કટ,
દોડે હરણની પેઠે.
ક્યારેક આપે અન્યોને પીડા તો,
ક્યારેક ખુદ દર્દો વેઠે.

શોધે પોતાના જેવું જ મન,
જે વિચારે/અનુભવે પોતાના જેવું.
શોધે સંબંધોમાં એ પ્રતિબિંબ કે,
કોણ છે મારા જેવું?

તુંડે તુંડે મતિર્ભિન્ના એ વાતને અવગણે,
કોના મન સાથે મેળ પડે મને કોણ પોતાનું ગણે?
ઉપર - ઉપરથી સહું લાગે સરખાં,
ભીતરના ભેદ જાણે ત્યારે એ બળે.

જમાના એ ચઢાવ્યો છે રંગ સહું પર,
બહાર ને ઘરની ભીતર જુદાં વ્યક્તિત્વ મળે.
સાચું મન આ સાંખી શકે ના,
લાગે આખી દુનિયા મને છે છળે.

'હું સાચો ' ની હોડ મચી છે,
મન આમાં ક્યાંથી મળે?
અહંકારે પહેર્યા ખુદદારીના વાઘા,
અસલ રૂપ ક્યાંથી જડે?

એકમેકના પૂરક બનવાની હોય વૃત્તિ તો જ,
મનમેળને સાચું ઠેકાણું જડે.
બાકી હરિફાઈ ને સ્વકેન્દ્રીત વૃત્તિમાં,
" મનમેળ ' ખાલી શબ્દકોશમાં જ જડે.

ત્યાગ અને જતું કરવાની વૃત્તિને,
સમાજ મનમેળ ગણે.
ભીતરના ખાલીપાથી એને શું લેવા કે દેવા?
એ તો બહારથી હસતા ચહેરાઓને જ સુખી ગણે.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

# જીવદયા ફાઉન્ડેશનના દ્વારા કાણોદર પ્રા. શાળા નં.૩.માં સેવ ખમણી ને કઢી નો નાસ્તો આપવામાં આવ્યો



તારીખ ૧૩ .૧૦.૨૦૨૩. રોજ બપોરે પાલનપુર થી ૧૫ કિલોમીટર દૂર કાણોદર ગામમાં કાણોદર અનુપમ પ્રા. શાળા નં.૩. માં જીવદયા ફાઉન્ડેશન દ્વારા રામચંદ્ર એસ ગોવિંદા અને ઠાકોરદાસ ખત્રીના સહયોગથી.ધોરણ એક થી આઠ ના વિદ્યાર્થીઓને સેવ ખમણી અને કઢીનો નાસ્તો આપવામાં આવ્યો. અમારા આગમનથી વિદ્યાર્થીઓના ચહેરા પર આવેલી સ્માઈલ જોઈ અઢળક,અનહદ, આનંદ મળ્યો. બાળકો ખુશ થયા જાણે ઈશ્વર ખુશ થયા. આ સેવા કાર્યમાં જીવ દયા ફાઉન્ડેશનના પ્રમુખ ઠાકોર દાસ ખત્રી, પરાગભાઈ, સ્વામી, હરિભાઈ વિષ્ણુ મહારાજે પોતાનો કિંમતી સમય આપીને સેવા સહયોગ આપ્યો. શાળાના આચાર્ય શ્રી ભામિનીબેન ગજ્જર, શિક્ષક જાગૃતિબેન સેંગલ અને તમામ શાળા સ્ટાફે ઉત્સાહપૂર્વક પૂરો સહયોગ આપ્યો. તેમજ અમારી સેવાભાવી ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. કાણોદર ના ઈન્દિરાનગર વિસ્તારમાં વાસના રોડ ઉપર આવેલી આ શાળાનું પર્યાવરણ મનોહર જણાયું. અમારી પ્રથમ મુલાકાત ચિરસ્મરણીય બની રહી.

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૩૧૦ અને ચાંદીમાં રૂ.૨,૩૦૬નો ઉછાળોઃ ક્રૂડ તેલ રૂ.૨૪ નરમ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૬ થી ૧૨ ઓક્ટોબર સુધીના સપ્તાહ દરમિયાન ૭૯,૧૧,૦૮૭ સોદાઓમાં કુલ રૂ.૭,૬૨,૧૯૮.૪૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૦૬,૮૮૮.૩૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૬૫૫૨૧૩.૧૧ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૭૨,૫૮૧ સોદાઓમાં રૂ.૫૭,૮૩૯.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૭૩૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮,૨૩૫ અને નીચામાં રૂ.૫૬,૪૨૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૩૧૦ વધી રૂ.૫૭,૯૧૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૯૧ વધી રૂ.૪૬,૪૪૭ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧૦ વધી રૂ.૫,૮૦૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૨૫૮ વધી રૂ.૫૭,૬૧૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૬૬,૮૨૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૦૬૫ અને નીચામાં રૂ.૬૬,૬૧૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૩૦૬ વધી રૂ.૬૯,૦૭૪ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૨૦૬ વધી રૂ.૬૯,૧૫૮ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૧૮૯ વધી રૂ.૬૯,૧૯૨ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૫,૫૨૭ સોદાઓમાં રૂ.૧૦,૪૧૨.૦૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૬૯૭.૪૫ના ભાવે ખૂલી, રૂ.૩.૨૦ વધી રૂ.૬૯૯.૯૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૦ ઘટી રૂ.૨૦૩.૫૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૦૬.૨૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૧૮૬.૩૦ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૨૦.૩૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૭,૯૨,૬૮૩ સોદાઓમાં રૂ.૩૮,૫૭૨.૯૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૮૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૨૩૭ અને નીચામાં રૂ.૬,૮૧૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૪ ઘટી રૂ.૬,૮૯૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨૩ ઘટી રૂ.૬,૮૯૭ બંધ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૬૪ના ભાવે ખૂલી, રૂ.૧૨.૭૦ વધી રૂ.૨૭૮.૫૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૧૨.૬ વધી ૨૭૮.૩ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૬૪.૧૮ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૫૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૫૨૮ અને નીચામાં રૂ.૧,૫૧૭ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૯ ઘટી રૂ.૧,૫૨૩ થયો હતો. કોટન ખાંડી નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૮૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૧૦૦ અને નીચામાં રૂ.૫૮,૧૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૩૪૦ ઘટી રૂ.૫૮,૬૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૫૦ ઘટી રૂ.૯૨૧.૩૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૯,૮૨૮.૪૪ કરોડનાં ૩૪,૪૯૨.૩૭૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૮,૦૧૦.૬૮ કરોડનાં ૫,૫૨૯.૬૪૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૫૬૫.૫૪ કરોડનાં ૨,૦૬,૯૨,૩૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૪,૦૦૭.૪૧ કરોડનાં ૮૫,૫૫,૦૭,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૮૮.૩૭ કરોડનાં ૫૨,૯૫૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૭૧.૪૦ કરોડનાં ૧૯,૮૪૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬,૪૩૯.૩૫ કરોડનાં ૯૧,૨૦૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૫૧૨.૯૫ કરોડનાં ૧,૧૩,૦૨૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૫.૦૭ કરોડનાં ૨,૫૪૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪૯.૦૫ કરોડનાં ૫૨૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૨૪.૨૧૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૩૬૮.૦૧૪ ટન, તાંબાના વાયદાઓમાં ૨૬,૭૬૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૬,૦૩૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૭૪૮ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૩૫૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૬૨,૮૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩,૪૨,૪૨,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૫,૬૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૬૩.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૯૭.૦૫ કરોડનાં ૧૨૮૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૮૪૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૯૪૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૩૫૫ અને નીચામાં ૧૪,૮૭૭ બોલાઈ, ૪૭૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૩૦ પોઈન્ટ વધી ૧૫,૨૪૯ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૬૫૫૨૧૩.૧૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૮૬૪.૪૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૯૯૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૯૯૦૮.૦૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૦૨૬૨.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

# રોટરી કલબ દ્વારા બીચ કલીનિંગ




રોટરી ક્લબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટનાં પ્રમુખ પ્રીતિકા સામાણી, સેક્રેટરી વિપુલ ગગલાણી, એનવાઈરમેન્ટ ડિરેક્ટર નીરવ વખારિયા, ભૂતપૂર્વ પ્રમુખ પંકજ મહિધર અને અન્ય રોટરી ક્લબના અન્ય સભ્યો તેમ જ એસનર એમ્પર ઈન્ડિયાના કર્મચારીઓ સાથે મળીને જૂહુ બીચ ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. કુલ ૮૩ જણ સાથે જોડાયા હતા.

# "કેસરિયા ગરબા-નવરાત ૨૦૨૩"નું પ્રાંગણ ખેલૈયાઓ અને ભાવિકોને આવકારવા સજ્જ





------------

**ભવ્ય આતશબાજી સાથે કેસરિયા ગરબા મહોત્સવનો આરંભ થશે.**

-----------

**ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ પ્રથમ નોરતે કેસરિયા ગરબાના આંગણે પધારશે.**

----------

**અદભુત લાઈટિંગ સાથે દિવ્યતા અને ભવ્યતાની અનુભૂતિ કરાવતી શ્રી રામ મંદિરની ૧૦૧ ફૂટ ઊંચી ઇકો ફ્રેન્ડલી પ્રતિકૃતિ તૈયાર**

-----------

**પ્રત્યેક નોરતે નક્કી કરાયેલી ૧૧ કેટેગરી માટે અનુભવી નિર્ણાયકો દ્વારા વિજેતા અને રનર્સ અપ તરીકે પસંદ કરાયેલા ૩૮ ખેલૈયાઓને આકર્ષક ઇનામો એનાયત કરી પ્રોત્સાહિત કરાશે.**

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા પ્રેરિત સહાય ફાઉન્ડેશન દ્વારા રામકથા મેદાન, સેકટર ૧૧ ખાતે યોજાનાર ગાંધીનગરના સૌથી મોટા ગરબા મહોત્સવ "કેસરિયા ગરબા-નવરાત ૨૦૨૩"ના પ્રાંગણમાં તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ પ્રથમ નોરતે રાત્રે ૯.૩૦ કલાકે કેસરિયા ગરબાના આંગણે પધારશે. ભવ્ય આતશબાજી સાથે કેસરિયા ગરબા મહોત્સવનો આરંભ થશે.

કેસરિયા ગરબા મહોત્સવ સ્થળ રામકથા મેદાન ખાતે અયોધ્યામાં નિર્માણાધિન ભગવાન શ્રી રામની ૧૦૧ ફૂટ ઊંચી ઈકોફ્રેન્ડલી પ્રતિકૃતિ તૈયાર થઈ ચૂકી છે. અદભુત લાઈટિંગ સાથે દિવ્યતા અને ભવ્યતાની અનુભૂતિ કરાવતી શ્રી રામ મંદિરની પ્રતિકૃતિમાં નવરાત્રી દરમિયાન ભાવિકો અને ખેલૈયાઓ ભગવાન શ્રી રામ, લક્ષ્મણજી, જાનકી માતા અને હનુમાનજીની દ્રશ્યમાન પ્રતિમા અને શ્રી રામની પાદુકાઓના દર્શન કરી ધન્યતા અનુભવશે.

પ્રત્યેક નોરતે નક્કી કરાયેલી ૧૧ કેટેગરી માટે અનુભવી નિર્ણાયકો દ્વારા વિજેતા અને રનર્સ અપ તરીકે પસંદ કરાયેલા ૩૮ ખેલૈયાઓને આકર્ષક ઈનામો, રામમંદિર મોમેન્ટો, કેશ પ્રાઇઝ અને ગિફ્ટ વાઉચર આપી પ્રોત્સાહિત કરાશે. મેગા ફાઈનલમાં વિજેતા અને રનર્સ અપ ખેલૈયાઓને વિવિધ કેટેગરી મુજબ ટીવીએસ ઍક્સેસ, ગોવા ટુર પેકેજ, લેપટોપ, એસી, વોશિંગ મશીન, મોબાઈલ, સાયકલ, સ્માર્ટ વોચ, ડ્રેસિંગ ટેબલ, ડાયમંડની બુટ્ટી સહિતના ઈનામો એનાયત કરી પ્રોત્સાહિત કરાશે.



સર્વ પિતૃ અમાસ શ્રાદ્ધ તર્પણ વિધિનું નિઃશુલ્ક સમૂહમાં તા.૧૪-૧૦-૨૦૨૩ શનિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન અગીયારરસ માતાજી મંદિર,રેલવે ફાટક પાસે,નવાવાડજ ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,નારણપુરા,નરોડા તથા અગીયારસ માતાજી મંદિરના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો જેનું ઉદઘાટન દિપ પ્રાગટ્ય હસ્તે મા.શ્રીનરહરિભાઈ અમીન સાસંદ રાજ્ય સભા દ્વારા કરવામાં આવ્યું હતુ જેમા ૩૦૦/-જેટલાશ્રાદ્ધ તર્પણ વિધિમાં ભાગ લેવા આવનાર શ્રધ્ધાળુઓએ ભાગ લીધો હતો અને નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પની સેવાઓનો લાભ લીધો હતો આ કાર્યક્રમમાં ડૉ.પ્રાર્થનાબેન મહેતા ડૉ.હરિક્રીશ્રા ભટ્ટનો સહયોગ રહ્યો હતો.કાર્યક્રમના કોર્ડીનેટ કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા અને લા.ગીરીશ પટેલ પી.આર.ઓએ વ્યવસ્થા સંભાળી હતી



સર્વ પિતૃ અમાસ શ્રાદ્ધ તર્પણ વિધિનું નિઃશુલ્ક સમૂહમાં તા.૧૪-૧૦-૨૦૨૩ શનિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન અગીયારરસ માતાજી મંદિર,રેલવે ફાટક પાસે,નવાવાડજ ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,નારણપુરા,નરોડા તથા અગીયારસ માતાજી મંદિરના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો જેનું ઉદઘાટન દિપ પ્રાગટ્ય હસ્તે મા.શ્રીનરહરિભાઈ અમીન સાસંદ રાજ્ય સભા દ્વારા કરવામાં આવ્યું હતુ જેમા ૩૦૦/-જેટલાશ્રાદ્ધ તર્પણ વિધિમાં ભાગ લેવા આવનાર શ્રધ્ધાળુઓએ ભાગ લીધો હતો અને નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પની સેવાઓનો લાભ લીધો હતો આ કાર્યક્રમમાં ડૉ.પ્રાર્થનાબેન મહેતા ડૉ.હરિક્રીશ્રા ભટ્ટનો સહયોગ રહ્યો હતો.કાર્યક્રમના કોર્ડીનેટ કનુભાઈ પટેલ ગાયત્રી પરિવાર નારણપુરા અને લા.ગીરીશ પટેલ પી.આર.ઓએ વ્યવસ્થા સંભાળી હતી

## સહાય ફાઉન્ડેશન દ્વારા 'શ્રી રામ પાદુકા શોભાયાત્રા'નું આયોજન

સહાય ફાઉન્ડેશન દ્વારા અયોધ્યાથી પૂજા કરી લવાયેલ ભગવાન શ્રી રામની પાદુકાઓ અને અંબાજી થી લવાયેલ પવિત્ર જ્યોતને ભવ્ય શોભાયાત્રા સ્વરૂપે કેસરિયા ગરબા મહોત્સવ સ્થળે લાવી સ્થાપન કરાશે.

------------

તા. ૧૫ ઓક્ટોબર, રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે સુશોભિત બગી સાથે ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન ધારાસભ્ય રીટાબેન પટેલના નિવાસસ્થાનેથી થશે.

------------

સહાય ફાઉન્ડેશન દ્વારા અયોધ્યાથી પૂજા કરી લવાયેલ ભગવાન શ્રી રામની પાદુકાઓ અને અંબાજી થી લવાયેલ પવિત્ર જ્યોતને

તા.૧૫ ઓક્ટોબરના રોજ ભવ્ય શોભયાત્રા સ્વરૂપે કેસરિયા ગરબા મહોત્સવ સ્થળે લાવી સ્થાપન કરવાનું આયોજન કરાયું છે. ધારાસભ્ય રીટાબેન પટેલના નિવાસસ્થાનેથી સુશોભિત બગી સાથે ભવ્યાતિભવ્ય 'શ્રી રામ પાદુકા શોભાયાત્રા'નું પ્રસ્થાન તા. ૧૫ ઓક્ટોબર, રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે થશે જે પંચદેવ મંદિર (સે.૨૨), હવેલી મંદિર (સે.૨૧), સિદ્ધિ વિનાયક મંદિર (સે.૨૧), ચ-૬ સર્કલ, વૈજનાથ મહાદેવ મંદિર, ઘ-૬ સર્કલ, ઘ-૫ સર્કલ, હનુમાનજી મંદિર (સે.૧૭) થઈ કેસરિયા ગરબા મહોત્સવ, રામકથા મેદાન સે.૧૧ ખાતે પૂર્ણ થશે. શોભાયાત્રાનું સમગ્ર રૂટમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાશે.

## ડાંગ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા સાર્વજનિક નવરાત્રી મહોત્સવ યોજાશે

આદ્યશક્તિ જગતજનની માં અંબાના પવિત્ર પર્વ નવરાત્રિ, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત પોલીસ હેડ ક્વાર્ટર ખાતે તા. ૧૫ ઓક્ટોબર થી ૨૩ ઓક્ટોબર સુધી સાર્વજનિક નવરાત્રી મહોત્સવનુ આયોજન કરવામા આવ્યું છે.

નવરાત્રિ મહોત્સવની સાથે સાથે, ડાંગ જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયાની અધ્યક્ષતામા ડાંગ જિલ્લા પોલીસ પરીવાર દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત, સામાજીક સદભાવના અને લોકજાગૃતિ માટે, વિવધ સરકારી વિભાગોના સહયોગથી વિશેષ કાર્યક્રમોનુ આયોજન પણ કરવામા આવેલ છે.

આહવા ખાતે આયોજિત સાર્વજનિક નવરાત્રિ મહોત્સવમા ઘરેલુ હિંસા અટકાવવા મહિલા જાગૃતિ કાર્યક્રમ, મતદાન જાગૃતિ અભિયાન, બાળકોનુ જાતીય શોષણ અટકાવવા જાગૃતિ કાર્યક્રમ, ડાંગ જિલ્લાના પ્રવાસીઓની સલામતી તેમજ ડાકણ પ્રથા નેસ્તનાબુદ કરવા માટે કાર્યક્રમ, નશામુક્તિ કાર્યક્રમ, ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ, સાઈબર ક્રાઈમ અટકાવવા માટે જાગૃતિ કાર્યક્રમ, યુવક અને યુવતિઓ માટે રોજગારલક્ષી કાર્યક્રમ, આદિવાસી સંસ્કૃતિના જતન માટેના ક્રાયક્રમો, તથા સ્વચ્છતાના જનજાગૃતિ કાર્યક્રમો યોજવામા આવનાર છે. જેનો નગરજનોને લાભ લેવા જણાવાયું છે.

## હર્ષોચ્છાદિત જીવન



પ્રવીણા કડકિઆ

પ્રકરણ★★૧

અમિતા અને અમુલખના બે સુંદર બાળકો. આજે આંગણે શરણાઈ ગુંજી રહી હતી. અવનિના લગ્નની કંકોત્રી સગા વહાલાંને પહોંચાડી અમિતા શાંતિથી બેઠી. દિલમા દીકરી વિદાય લેશે તેનો ગમ, પણ આલોકને પરણી સુખી સંસારમાં પગરણ માંડશે તેનો આનંદ છવાયો હતો. અમુલખભાઈને દીકરી હૃદયનો ટુકડો આજે અલગ થવાનો.તેનો ગમ તેમજ આનંદ. અવિને ખાસ ફરક ન પડ્યો દાદીમા દીકરીના લગ્નને કારણે ફુલ્યા સમાતા ન હતાં. દીકરી તો સાસરી શોભાવે તેમાં સહુને આનંદ થાય. વાજતે ગાજતે આલોક જાન લઈને આવ્યો અને અવનિને પરણી વિદાય થયો. આલોકના મમ્મીએ દીકરા વહુની આરતી ઉતારી કંકુના પગલાં પડાવ્યા. મંગલતા ચારેકોર પ્રસરી રહી. ઉમંગભેર પ્રસંગ ઉજવાયો, વરઘોડિયા 'હનીમુન" માટે નૈનિતાલ જવા રવાના થયા.

'ઘરમાં શાંતિ છવાઈ ગઈ છે. '

'હા, ચહકતું બુલબુલ હવે ઉડી ગયું'. અમુલખભાઈ તૈયાર થઈ કામે જવા નિકળ્યા. તબિયત થોડી ઢીલી રહેતી હતી.

'તમારી દવા બરાબર લીધી ને?'

'હા'.

આલોક અને અવનિ ખૂબ સુંદર જોડું, પ્રભુએ ફુરસદે ઘડ્યા હતા. એ તો અવની આજે આલોક સાથે સુખી છે. તેની ગઈ કાલ ખૂબ અસ્તવ્યસ્ત હતી. આલોકને અવનીની સરળતા તેમજ સુંદરતા ગમી ગયા અને જીવનનો રાહ બદલાઈ ગયો. હસમુખો આલોક હમેશા અવનીની આસપાસ આંટા મારતો. એક કૉલેજમાં, અરે એક જ ક્લાસમાં હતાં. અવની પહેલી હારમાં બેસતી અને આલોક છેક છેલ્લે. જેને કૉલેજની ભાષામાં 'લૉર્ડ ઓફ ધ લાસ્ટ બૅંચ' કહેવાતું. ભણે કદાચ પણ છોકરીઓને જોવામાં અને દિવા સ્વપ્નમાં રાચવાની મઝા માણે. આલોક હોંશિયાર હતો એટલે તેના અભ્યાસમાં વાંધો આવતો નહી. આલોકે તેને જીવનની રંગીન બાજુ બતાવી તેના જીવનમાં ઉમંગની છોળો ભરી રહ્યો હતો. અવની તેની કૉલેજમાં સાથે ભણતી હતી.

બન્નેની મુલાકત કૉલેજના એક પ્રોગ્રામમાં થઈ હતી. સુંદર અવની પોતાની પરિસ્થિતિથી માહિતગાર હતી. મમ્મીની ચિંતામાં વધારો થાય એવું એક પણ કદમ ઉઠાવતી નહી. કોલેજના નાટકમાં આલોક અને અવનિનું મુખ્ય પાત્ર હતું. નાટક જુવાન છોકરા, છોકરીને મનપસંદ વિષય લઈને બનાવ્યું હતું. " આપણે એક બીજાના કોણ?" નામ ઉપરથી તેની કથાનો વિષય કલ્પી શકાય. નાટકના મંચ ઉપર એવો આબેહૂબ અભિનય હતો કે બન્નેનું કામ ખૂબ વખણાયું. જુવાન હૈયાને એકબીજાની નજીક સરવા માટે આનાથી વધારે કયું સુંદર કારણ હોઈ શકે? આમ પણ ક્લાસના વિદ્યાર્થીઓમાં હુંસાતુસી હોય. બન્ને જણા ભણવામાં ચડસા ચડસી કરતાં. તેઓ એકબીજાની વિરૂદ્ધમાં હતાં. કોઈ પણ ભોગે અવની બીજો નંબર ઈચ્છતી ન હતી. તેથી આલોકને પરિક્ષાના હૉલમાં છંછેડી ઉશ્કેર્યો. આલોક આ દાવ સમજી ન શક્યો. તેના બેહુદા વર્તનને કારણે અડધા પેપર પછી તેને વર્ગમાંથી હાંકી કાઢ્યો ! આલોક અને અવનિ વચ્ચે ક્યારે પ્રેમ થયો તે ખબર પણ ન પડી. યોગ્ય સમયે જ્યારે આલોકે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે અવની અવાચક થઈ ગઈ. આલોકને તેની સહૃદયતા સ્પર્શી ગઈ હતી. તેને લાગ્યું આ ખરેખર સ્વપ્ર છે કે હકિકત? આલોક સી.એ. પુરું કરી વાજતે ગાજતે અવનીને પરણીને ઘરે લાવ્યો.

અવનિ તેના પ્રેમાળ સ્વભાવથી આલોકને જીતી ઘરમાં સહુની દુલારી બની હતી. આલોકના ઘરનું સુંદર વાતાવરણ જોતાં તેને હમેશા પોતાના દાદા, દાદી, વહાલા પપ્પા અને મમ્મી યાદ આવતા. અવનિએ બાળપણથી જીવનમાં તડકો અને છાંયડો અનુભવ્યો હતો. જેને કારણે જીવનની પારદર્શકતા તે જાણતી હતી. આલોકે તેને જીવનની રંગીન બાજુ બતાવી તેના જીવનમાં ઉમંગની છોળો ભરી રહ્યો હતો.

અવનિ લાખ ચાહે તો પણ ભૂતકાળ ભૂલી ન શકે. જે માહોલમાં તે મોટી થઈ હતી તે કહાની દર્દ અને ખુશીના સંમિશ્રણથી ભરેલી હતી. જેને કારણે ઓછું બોલતી પણ બોલે ત્યારે સામેવાળાનું દિલ જીતતી. ઘરમાં દાદા અને દાદી, ગાડીની હડફટે દાદા આવી ગયા અને ત્યાં ઘટના સ્થળે તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું. અમુલખભાઈના માતુશ્રીનું નામ હતું કાવેરી. પતિ કાલીચરણ, બન્ને મળ્યા હતાં આઝાદી પહેલાં સત્યાગ્રહની લડતમાં. કાવેરી ગાંધીના રંગે રંગાયેલા હતાં.જેને કારણે પતિના અવસાન બાદ વાળ ઉતારવાના કે બાર મહિના રોજ બેસણું એમાંનું કશુંજ કરવામાં રસ ન હતો. દીકરા અને વહુની પડખે ઢાલની જેમ ઉભા રહ્યા. પોતાની બે દીકરીઓ પણ પરણાવવાની જવાબદારી હતી. અવની ૧૫ વર્ષની આસપાસ હતી. તેને બધું બરાબર યાદ હતું. અવનિ પહેલાં ખોળાની હતી. દાદા અને દાદીના આંખનું રતન. અકસ્માતમાં દાદાનું શબ ખૂબ ખરાબ હાલતમાં હોવાથી તેમના અંતિમ દર્શન કરવાનું કોઈના ભાગ્યમાં લખ્યું ન હતું. હિંદુ વિધિ પ્રમાણે શબને અગ્નિદાહ આપી બધા ઘરે આવ્યા. અવનિના દાદી સુધારક વિચારના હોવાથી બીજા કોઈ ક્રિયાકાડ કરવાની મોટા દીકરાને ના પાડી. અવનિના દાદીના પિતા 'ગાંધીવાદી 'હતાં. આઝાદીની લડત દરમ્યાન જેલવાસ ભોગવી ચૂક્યા હતા. તેના 'દાદા અને દાદી 'મીઠાના સત્યાગ્રહમાં' મળ્યા હતા. પછીની વાતો દાદી પાસેથી અવનિ સાંભળી ચૂકી હતી.

## કાથરોટા માધ્યામિક શાળાની બે વિદ્યાર્થિની ગાંધીનગર સાયન્સ સિટી મુકામે રાજ્ય કક્ષાએ યોજાનારી બાળ વિજ્ઞાન પરિષદ માટે સિલેક્ટ થયા



**કાથરોટા માધ્યમિક શાળાના બે વિદ્યાર્થિની આગામી દિવસોમાં ગાંધીનગર ભાગ લેશે ડાવરિયા યોગિ અને ડાવરિયા આયુષી સિલેક્ટ થયા**

**જેનો વિજ્ઞાન પરિષદનો વિષય હતો સ્વનિર્ભરતા માટે ઇકો સિસ્ટમ આધારિત અભિગમ જેની પેટાથી થીમ સુકા વિસ્તારમાં લેવામાં આવતા પાકોનો અભ્યાસ**

આ બાળ વિજ્ઞાનિકોને તૈયારી અને માર્ગદર્શન વિજ્ઞાન શિક્ષક બલદેવ પરી સાહેબ દ્વારા આપવામાં આવ્યુ હતું.ગુજકોસ્ટ ગુજરાત સરકાર બ્રહ્માનંદજી લોકવિજ્ઞાન કેન્દ્ર જુનાગઢ તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢ તથા પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ વર્ષ ૨૦૨૩ માટે દ્વારા યોજાઈ જે બહાઉદ્દીન સાયન્સ કોલેજમા યોજવામાં આવી હતી. જેમની મુખ્ય થીમ આરોગ્ય અને સુખાકારી માટે ઈકોસિસ્ટમની સમજણ હતી. જેમાં જૂનાગઢ જિલ્લાની ૧૮૦ ટીમ ના વિદ્યાર્થીઓનું પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન થયું હતું. ટોટલ ૩૬૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો.જેમાંથી ટોપ ૧૦ પ્રોજેક્ટને માંથી કાથરોટા માધ્યામિક શાળાના બાળકોની થીમ પસંદગી થઈ છે જે જૂનાગઢ જિલ્લાનું આગામી દિવસોમાં તેઓ રાજય કક્ષાની પરિષદ માટે અમદાવાદ સાયન્સ સીટી ખાતે પ્રતિનિધિત્વ કરશે તથા તેઓ આગળ પણ સારો દેખાવ કરી અને જૂનાગઢ જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ શાળા પરિવાર દ્વાર આવી હતી.

## ચાણસ્માના ખારીઘારીયાલ ગામે શિક્ષક દંપતી નો વિદાય સમારંભ યોજાયો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે આવેલ પ્રાથમિક શાળા ની અંદર છેલ્લા ૨૩ વર્ષ થી નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા શિક્ષક દંપતી નો વય નિવૃત્તિ વિદાય સમારંભ કાર્યક્રમ ખારીઘારીયાલ ગામે આવેલ પ્રાથમિક શાળા ની અંદર રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ શાળા પરિવાર ઉપસ્થિત રહી ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

સાચા અર્થમાં ગુરૂ વિના જ્ઞાન અધુરૂ તે ઉક્તિ મુજબ શિક્ષક એ આપણને પાયાનું શિક્ષણ આપી સાચા રસ્તે ચઢાવી આપણને સાચી દિશા બતાવતા હોય છે. ત્યારે આવા શિક્ષકો માટે બદલી તેમજ વય નિવૃત થાય છે ત્યારે દરેક વિદ્યાર્થીઓના આંખમાં આંસુ વહી જતાં હોય છે. ત્યારે આજરોજ ચાણસ્મા



તાલુકાના ખારીઘારીયાલ ગામે આવેલ પ્રાથમિક શાળા ની અંદર છેલ્લા ૨૩ વર્ષ થી નિષ્ઠા પૂર્વક ફરજ બજાવી રહેલા શિક્ષક દંપતી શ્રી વિઠ્ઠલભાઈ નાગરભાઈ પરમાર તેમજ શ્રીમતી ગીતાબેન ડુંગરભાઈ પરમાર નો વિદાય સમારંભ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતોજેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ શાળા પરિવાર તથા પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેમાં શિક્ષક તરીકે નિવૃત્ત થયેલા શ્રી વિઠ્ઠલભાઈ નાગરભાઈ પરમાર દ્વારા અગાઉ કચ્છમાં આવેલા કંડલા નું વિનાશક વાવાઝોડું અને ભુકંપ જેવી કુદરતી આપત્તિમાં તન,મન,ધન થી સતત ૬ મહિના સુધી સેવા આપી ત્યાં પણ ખુબ જ લોકચાહના મેળવી હતી. ત્યારબાદ ખારીઘારીયાલ ગામે પણ ધર્મ પત્ની ગીતાબેન સાથી શિક્ષક હોવાથી શિક્ષણ ના કાર્ય માં એકબીજા ના પુરક બની શાળા પરિવાર ના સાથી શિક્ષક મિત્રો સાથે સહભાગી બન્યા હતા. તેમજ મનફરા માં લોકોના સહકારથી શાળાના શાળાના મકાનનું અધતન નિર્માણ કરાવેલ છે. અને વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ કરીને જિલ્લા કક્ષાએ પણ શાળાને ગૌરવ અપાવેલ છે. અત્રે યોજાયેલ કાર્યક્રમમાં તાલુકા શિક્ષણ અધિકારી પાબુવંશી,હરખાભાઈ નાડોદા, સુરેશભાઈ દેસાઈ બીટ કેળવણી નિરીક્ષકશ્રી બી.આર.સી.,સી.આર.સી, આચાર્યશ્રી પ્રવિણભાઈ પટેલ,એસ.એમ.સી.ના સભ્યો, શિક્ષકગણ, ગ્રામજનો તેમજ વિદાયમાન ના સગા સંબંધઓ ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટરઃ નિખિલ જોષી પાટણ બ્યુરો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.